આ બાગ મને ગમે છે.

કદાચ એને બાગ નયે કહેવાય. કદાચ શા માટે, ન જ કહેવાય વળી. ઘરની બહાર પથરાયેલી થોડી અમથી જમીન, કોઈક જમાનામાં લાડ પામી હશે. પછી ભુલાઈ ગઈ છે. તેથી ક્યાંક ક્યાંક ક્યારાનો નિર્દેશ કરતી અડધી દટાયેલી ઈંટો નજરે ચડે છે, બેચાર મોટાં વાર્ધક્યથી સોહામણાં વૃક્ષો પણ છે. શિરીષનો આભમાં પથરાયેલો લીલોછમ મંડપ એની નીચે બેસનારને શાંતિ આપે છે, સાથોસાથ કશીક ઉત્કંઠા જગાડે છે. જાણે હમણાં જ કશુંક બનશે – અજાણ્યું ને અમૂલ્ય... રોમેરોમ મધુરતાથી છવાઈ જાય છે – કશાય કારણ વગર.

મને અહીં આવવું ગમે છે. અહીં બેસી રહેવું ગમે છે. આમેય ત્યાં ઘરમાં કશું કરવાનું તો છે નહીં. જે કંઈ થોડુંઘણું કરવું પડે તે મોડુંવહેલું થાય કે ન થાય તોયે વાંધો નહીં – કોઈ વઢનાર રહ્યું નથી.

નોકરો છે, પણ એમને મારી અનિયમિતતા સદી ગઈ છે એટલે હું જ્યારે મન થાય ત્યારે અહીં આવીને લટાર મારું છું. ઘણુંખરું શિરીષ નીચે અને તડકો ખાવાનું મન થાય ત્યારે બોરસલી નીચે બેસું છું. એ સ્વભાવે કંજૂસ છે. ફૂલ પણ ઝીણાં ઝીણાં અને છાયા પણ બહુ ઓછી. જો કે ભલો પવન એની સુગંધ મારી ઉપર અવારનવાર ન્યોછાવર કરી દે છે ત્યારે બહુ સુખ લાગે છે. હવે આવાં નાનાં સુખોનાં તણખલાં ભેગાં કરીને જ મારે મારો માળો બાંધવાનો છે. કોઈક વાર પહેલાંની પ્રચંડ ધોધની જેમ વેગભરી વહેતી મારી જિંદગી યાદ આવે છે. જે ક્ષણે જે સૂઝ્યું તે જ કરી નાખવાનું. આગળપાછળનો લેશ પણ વિચાર કરવાનો નહીં એવો મારો સ્વભાવ હતો.

હજુ સ્વભાવ તો અંદરથી એનો એ જ છે. પણ હવે શરીર સાથ નથી દેતું અને મને એના પર ચીડ પણ નથી ચડતી. એ ધીમું પડી ગયું છે પણ હજી કામ તો આપે છે. ક્યારેક એ સાવ શિથિલ થઈ જશે. ટકી રહેવા માટે પણ એને બીજા કોઈની મદદ જોઈશે. ત્યારે પણ મને એ ગમશે ખરું ?

કે હું એને છોડીને ચાલ્યો જઈશ? એ પળનું જ કુતૂહલ છે મને. કેવી રીતે જવાતું હશે, ક્યાં જવાનું હશે – કશું જ જાણતો નથી હું. ગમે તેટલું વિચારીશ કે વાંચીશ તોયે જાણી શકવાનો નથી એય જાણું છું, પણ તેથી કંઈ ઉત્કંઠા શમી જતી નથી. આકાશમાં ફરતી વાદળીની જેમ જ્યારેત્યારે આવી ચડે છે. હું આળસથી એને આવકારું છું. થોડીક વાર એ મને રમાડે છે, પછી હળવેકથી ચાલી જાય છે અને હું ફરી પાછો મારાં રોજનાં જરૂરી અને બિનજરૂરી કામમાં ખોવાઈ જાઉં છું. એ બધાં મારે માટે અગત્યનાં છે કારણ કે એમને આધારે જ આ જિંદગીનો માંચડો ટકી રહ્યો છે એટલી મને ખબર છે.

દાખલા તરીકે આ લટાર. કયા ઝાડના થડ પર નવો ઘસરકો પડ્યો છે અને ક્યાં કૂંપળ ફૂટી છે તેની નોંધ લેવાનો કશો અર્થ નથી કારણ કે થોડી વાર પછી હું એ બધું ભૂલી જવાનો. પણ અત્યારે મારે માટે આમ ધીરે ધીરે ફરવું, અટકવું અને નિરીક્ષણ કરવું એ અણુપરમાણુનું સંશોધન કરતા વૈજ્ઞાનિકોના પ્રયોગો જેટલા જ મહત્ત્વનું છે. એથી પણ વધારે મહત્ત્વનું – મારે માટે.

અને આ સૃષ્ટિમાં સૌથી મહત્ત્વનો માણસ તો હું જ છું ને – મારે માટે?

વળી આ આનંદદાયક પ્રવૃત્તિની સૌથી સરસ મઝા તો એ છે કે હું એને ફાવે ત્યારે અટકાવી દઈ શકું છું – પાછી શરૂ પણ કરી શકું છું. કોઈની રજાચિઠ્ઠીની જરૂર નથી પડતી.

વડના ઝાડ નીચે કશીક જબ્બર હિલચાલ ચાલી રહી છે. બરાબર આંખો ઠેરવીને જોયું તો મોટા મોટા કાળા મંકોડાની પલટણ એકાગ્ર ચિત્તે શિસ્તપૂર્વક આગળ ને આગળ ધસી રહી છે. જાણે કે ક્યાં જવું છે, શું કરવું છે, બધી એમને બરાબર ખબર છે!

મનમાં ને મનમાં હસવું આવ્યું. પછી એકાએક ખૂબ શરમ આવી. હું એમનાથી કઈ રીતે ચડિયાતો છું? પૂર્ણ આત્મવિશ્વાસથી, કોઈ ત્રિકાળજ્ઞાનીની અદાથી આટલાં વરસો વિતાવ્યાં છે મેં. મંકોડાના સરદારની પાછળ તો આટલા બધા વફાદાર અનુયાયીઓ છે. મારી પાછળ તો કોઈ નહોતું. કોઈ આવે છે કે નહીં તે જોવાની દરકાર પણ મેં નહોતી કરી. શક્ય છે, મારી આ આત્મસંતુષ્ટ મજલમાં કેટલાયે જણને મેં આઘાત પહોંચાડ્યો હોય... ન કરવા જેવાં કામ કર્યાં હોય, કરવા જેવાં છોડી દીધાં હોય...

ઠીક, હવે એ બધું યાદ કરવાથી કોઈ ફાયદો નથી. જે થવાનું હતું તે થઈ ગયું. કોઈ રીતે તે ન થયું થવાનું નથી. બાકી વધેલા સમયમાં આ વૃથા અફસોસને પંપાળવાથી શું થશે?

મારા કરતાં આ મંકોડાનો સરદાર ઘણો ડાહ્યો. નિશ્ચિંત જીવે આગળ ધપ્યે જાય છે. વિચાર કરવા અટકતો નથી. જીવવાની એ જ સાચી રીત છે. સાચી અને આરામદાયક.

ધ્યાન ન રહ્યું સવારના હૂંફાળા તડકામાં કેટલો વખત મંકોડાને જોતો ઊભો રહ્યો. પગમાં એકસામટું બેત્રણ જગ્યાએ દરદ થવા લાગ્યું ત્યારે સમાધિ તૂટી. આગળ ચાલવા જતાં સમજ પડી કે પગ ઊંચકવો તે મુશ્કેલ થઈ ગયું છે.

આસપાસ બેસાય એવું કંઈ હતું નહીં. લાકડીને ટેકે બેચાર ડગલાં માંડ ભર્યાં ત્યાં સામથી રુસી આવતો દેખાયો. એને જોઈને બહુ આનંદ થયો. એનો ખભો પકડીને વાતો કરતાં કરતાં આસાનીથી ઘર લગી પહોંચી શકાશે. રુસી બહુ સારો છોકરો હતો. મારા જૂના દોસ્ત ડૉક્ટર બીલીમોરીઆનો નાનો દીકરો. મોટા બંને બાપની માફક ડૉક્ટર થયા પણ આ તો બી.કૉમ. થઈને સી.એ.ની પરીક્ષામાં ચારેક વાર નપાસ થયા પછી કામે લાગી ગયો – કોઈક ઑફિસમાં જતો હતો ને ખપજોગું કમાઈ લેતો હતો. એના જેવા દેખાવડા ને ભલા છોકરાને હજુ લગી કોઈએ ઝડપી કેમ નહીં લીધો હોય તેનો મને કોઈ વાર વિચાર આવતો. પણ કોઈક જ વાર. ખરું જોતાં રુસી એકલો હતો અને મારું બધું કામકાજ સંભાળતો હતો તેથી મને આરામ લાગતો હતો – અને હમણાંની આ આરામની લાગણી મારે માટે બહુ મોટી વાત બની ગઈ હતી.

“આજે અત્યાર લગી બગીચામાં, અંકલ?” એણે હસીને પૂછ્યું અને મારી પાસે આવીને હાથ લંબાવ્યો.

“થાકી ગયા?” એનો હાથ મેં પકડી લીધો અને બેચાર વાર હલાવ્યા પછી પણ છોડ્યો નહીં તેથી સાશંક નજરે મારી સામે જોઈને એણે પૂછ્યું.

“ના રે!” કહીને મેં એના ખભા પર હાથ ગોઠવ્યો અને આસ્તેથી ચાલવા માંડ્યું. હું ખોટું બોલું છું તે જાણવા છતાં એણે કંઈ બતાવ્યું નહીં. જુવાનિયાઓ બહુ ઉદાર હોય છે. મનની કૃપણતા ખડક પરની લીલની જેમ ધીમે ધીમે બાઝે છે – ખબર નથી પડતી ને વરસો વહી જાય છે. એક સવારે ધારીને જોઈએ તો માત્ર લીલો મખમલી ગાલીચો! ખડકની શ્યામલતા ને બરછટપણાનું ક્યાંય નામોનિશાન નહીં. લોકો કહેશે, ‘વાહ! કેવું સુંદર!’ અંદર ખડકનો જીવ ગૂંગળાતો હોય તે કોણ જાણે?

“અંકલ! કંઈ પ્રૉબ્લેમ છે?”

પ્રૉબ્લેમ તો હતોસ્તો – આ જીવવાનો અને ઘરડા થવાનો. પણ રુસીને એ ન કહેવાય. એ સમજે પણ નહીં. સમજવા માટે એણે પોતે ઘરડા થવું પડે.

"અંકલ!"

"કંઈ કરતાં કંઈ નથી. તારા રાજમાં મારે વળી પ્રૉબ્લેમ શાનો? આજે જમીને જ જજે. કે ઉતાવળ છે?"

"થોડું કામ છે. ફરી નિરાંતે આવીશ."

"વારુ."

ઘરમાં પેસતાં પહેલાં જરાક અટકીને મેં એની સામે જોયું. મને ખાતરી હતી કે હમણાં એ ખોંખારા ખાશે અને પછી જમીન સામે જોઈને કહેશે, "એકબે સાઇન કરવાની છે અંકલ!"

એ બોલે તે પહેલાં જ મેં પૂછ્યું, "શેના પર?"

"હં?"

"આજે શેના પર સહીઓ કરવાની છે?"

"ત્રણચાર ચેક છે. પણ કંઈ ઉતાવળ નથી. આજે તમે થાકી ગયા હો તો કાલે આવી જઈશ."

"રુસી! તું બહુ સારો છે."

"થૅન્ક યૂ અંકલ!"

"મને એમ થાય છે કે બૅન્કના ખાતામાં તારી પણ સહી નંખાવી દઉં. પછી મારે કશી માથાફોડ જ નહીં."

આઘાત પામીને રુસી મારી સામે જોઈ રહ્યો.

"નહીં નહીં નહીં અંકલ! એવું ક્યારે બી નહીં કરવાનું. તમારું ખાતું તમારે જાતે જ ઑપરેટ કરવાનું. કોઈનો ભરોસો રાખવાનો જ નહીં."

"તારો પણ નહીં?"

"બિલકુલ નહીં. પૈસાની બાબતમાં કોઈ કરતાં કોઈનો ભરોસો નહીં કરાય. ક્યારે કોની બુદ્ધિ બગડે તે કેમ કહેવાય? અંકલ, તમે પ્લીઝ, પ્લીઝ એવું કદી નહીં કરતા."

"વારુ, નહીં કરીએ. તું જેમ કહેશે તેમ કરીશું, બસ?"

વરંડામાં બર્માના નેતરનાં ગૂંથેલાં ખુરસીટેબલ પડ્યાં હતાં. પહોળી સુંવાળી આરામદાયક ખુરસીઓ, જેના સ્પર્શમાં આત્મીયતા લાગે.

નિરાંતે બેસીને મેં કહ્યું, "ચાનાસ્તા પછી સહીઓ કરીએ કે પહેલાં? તારે પાછો કોઈ પંજાબમેલ પકડવાનો હશે!"

"નહીં જી! મહારાજ આવે ત્યાં લગણ હું તમને બધું સમજાવી દઉં."

રુસી બોલવા માંડ્યો ને મેં એની સામે ગંભીરપણે જોયા કર્યું, જાણે કે હું બધું સાંભળું છું, સમજું છું ને નોંધ લઉં છું. ખરું જોતાં મારું મન ઊપડી ગયું હતું એની નવજોતના મેળાવડામાં. પારસીશાહી કપડાં ને ટોપીમાં નાનકડો રુસી કેવો અજાણ્યો ને રૂપાળો લાગતો હતો! આસપાસની ધમાલથી એ થોડો મૂંઝાયેલો હતો છતાં પ્રયત્નપૂર્વક મોઢું ગંભીર રાખને બેઠો હતો... એને જોતાં જ ઊંચકી લેવાનું મન થાય! અને અત્યારે કેવી ડાહીડાહી વાતો કરે છે?

"તમે સમજ્યા ને અંકલ?"

"બિલકુલ!"

"તો ચેક લખી નાખું?"

"ઓ.કે."

મહારાજને ખબર હતી, રુસીને કંદનાં ભજિયાં બહુ ભાવે છે. સાથે કોઠાંની ચટણી ને ગરમાગરમ મસાલેદાર ચા. પણ ટ્રેની સામે નજર નાખ્યા વગર રુસીએ એની લખાપટ્ટી પૂરી કરી અને ચેકબૂક મારી સામે ધરી. પેન પણ ખોલીને મારા હાથમાં આપી. એને ખબર હતી કે મને શાહી ભરાય તેવી અસલી જમાનાની વજનદાર પેનો જ પસંદ છે.

સહી કરીને પેન પાછી આપતાં મેં પૂછ્યું, "અરદેશર ક્યારે આવવાનો છે?"

"આવતા ગુરુવારે. સાંજે કે બીજે દહાડે સવારે તમને જોવા આવી જશે. કંઈ પ્રૉબ્લેમ નથી ને?"

"ના રે! વીલ વંચાવાને હજી ઘણી વાર છે."

"એમ શું બોલો છો અંકલ!"

"વારુ, તને નહીં ગમતું હો તો નહીં બોલીએ. પણ આ ભજિયાં ઠંડાં થઈ જશે તો મઝા નહીં આવે."

"રાઇટ!" કહીને રુસીએ ખાવાપીવામાં મન પોરવ્યું. નાનો હતો ત્યારે પણ આવી જ રીતે ખાતો – શાંતિથી, આનંદથી.

મહારાજે નાનુ જોડે બીજી વાર ભજિયાં મોકલાવ્યાં ત્યારે એ થોડો મૂંઝાયો.

"ખાઈ લે ને, રુસી! પછી મારી માફક જોઈને જ સંતોષ માનવો પડશે."

જરાક ટોળમાં બોલાઈ ગયા પછી મન વિચારે ચડ્યું, આ રુસી પણ એક દિવસ ઘરડો થઈ જશે! કેવો લાગશે એ તેવે વખતે? પરણ્યો નથી એટલે બીજી

તો કશી જંજાળ નહીં હોય... કદાચ એકલું લાગે. મને એના પર વહાલ આવ્યું. મને થયું કે મારે એને શીખવવું જોઈએ, ઘડપણનો સામનો શી રીતે કરવો. એની તૈયારી જુવાનીથી જ કરવી જોઈએ. પણ તે વખતે એવા બધા વિચાર આવતા નથી. એમ લાગે છે કે જુવાની અનંત છે. છલોછલ ઊભરાતા જીવનના કેફમાં માણસ ઘણીબધી ભૂલો કરી નાખે છે. બધો હિસાબ ચૂકતે કરવો જ પડે છે એવી મામૂલી અને નીરસ બાબત પર એનું ધ્યાન જતું જ નથી.

અને જ્યારે આ બધું સમજાય છે ત્યારે થોડુંક મોડું થઈ ગયું હોય છે.

ખરેખર મોડું કે પછી માત્ર આળસ? મને લાગે છે કે આળસને લીધે જ માણસ કંઈ કરતો નથી. નહીંતર એને બરાબર ખબર હોય છે કે શું શું સમેટવાનું બાકી છે. બધું વ્યવસ્થિત પરવારી લઈને એ શાંતિથી પોતાની છેલ્લી પળની રાહ જોઈ શકે – એણે એવું કરવું જ જોઈએ.

“અંકલ!”

“શું છે? હજી કંઈ ઑટોગ્રાફ લેવાના રહી ગયા છે?”

“નહીં જી.”

“તો પછી ઊપડો – તમારે પાછાં હજારેક કામ કરવાનાં હશે ને આજના દિવસમાં?”

જવાબમાં સ્મિત કરીને રુસી ઊઠ્યો અને મારે ખભે હાથ વીંટાળીને ‘ટેઇક કેર’ કહીને જતો રહ્યો.

એના જવાથી જાણે વાતાવરણમાંથી થોડીક ઉષ્મા જતી રહી.

નાનુએ આવીને યાદ ન કરાવ્યું હોત તો હું ક્યાંય લગી એમ ને એમ બેસી રહ્યો હોત. નાહવાનું બાકી હતું. એ પત્યા પછી જમવાનું. અડધો કલાક સીધી ખુરસીમાં બેસીને છાપાં વાંચવાનાં અને પછી અદિતિએ બહુ મોહથી કરાવેલી વિશાળ ખાટમાં એકલા એકલા પડી રહેવાનું. બપોરની આછેરી ઊંઘ આવતાં પહેલાં જાતજાતના વિચારો પતંગિયાંની પેઠે મનમાં ઊડાઊડ કરે તેમાં ખોવાઈ જવાનું... જિંદગી એકંદરે બહુ સારી હતી.

પાંચેક મિનિટ ઊંઘ આવી હશે અને હું એકાએક જાગી ગયો. મારે પણ ઘણાંબધાં કામો કરવાનાં બાકી હતાં. અગત્યનાં અને અંગત. મારા વગર બીજું કોઈ કરી ન શકે. કોઈને ખબર પણ ન પડે કે એ કરવાનાં છે. કરી લીધા પહેલાં છેલ્લી પળને આવકારી ન શકાય.